કરાર આધારે ફિકસ પગારથી નિમણૂંક પામેલા કર્મચારીઓની નિમણૂંકની બોલીઓ અને શરતો નકકી કરવા અંગેની બાબત નાણા વિભાગને તબદીલ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાન્ય વહીવટ વિભાગ,

**પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર-૧૧-૨૦૧૬-૧૩૦૯૧૧/ગ-૫**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૪/૦૨/૨૦૧૬

<u>વંચાણે લીધાઃ</u>- (૧) નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંકઃ-જીએસ/૧૯/૨૦૦૯/સીઆરસીઆર/૧૧-૪૩૩૭૧૭/ગ-૫

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭/ગ-૫

<u>પરિપત્ર</u>

સંદર્ભ-(૧) વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા ઉપર કરાર આધારે નિમણૂંક આપવાની નીતિ નકકી કરવામાં આવેલ છે. તેમજ આ પ્રકારે નિમણૂંક મેળવનાર કર્મચારીઓની સેવાની શરતો અને બોલીઓ પણ નકકી કરવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવથી નિયત કરાયેલ કરારની શરતો અને બોલીઓ રદ કરીને સંદર્ભ (૨) માં વંચાણે લીધેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી નવેસરથી શરતો અને બોલીઓ નકકી કરવામાં આવી હતી.

પાંચ વર્ષના કરાર આધારે અને ફીકસ પગારથી નિમણૂંક આપવાની મૂળ નીતિ નાણા વિભાગ ધ્વારા નકકી કરવામાં આવી છે. આ ઉપરાંત સંદર્ભ (૩) માં વંચાણે લીધેલ તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી પાંચ વર્ષના કરાર આધારે અને ફીકસ પગારથી ફરજો બજાવતા કર્મચારીઓની સેવાની શરતોમાં નાણા વિભાગ ધ્વારા કેટલાક ફેરફાર કરવામાં આવેલ છે. કરાર આધારે અને ફીકસ પગારના કર્મચારીઓ સંબંધે નીતિ વિષયક નિર્ણય

અને સેવાની શરતોમાં ફેરફાર કરવાની બાબત નાણા વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવે તે વહીવટી રીતે યોગ્ય જણાતા કરારની શરતો અને બોલીઓ અંગનો વિષય નાણા વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. આમ, કરારની શરતો અને બોલીઓ નકકી કરવાની બાબત હવે નાણા વિભાગ (કરકસર પ્રભાગ) ના પરામર્શમાં રહી આખરી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ (ક.ગ.-૨)
સામાન્ય વહીવટ વિભાગ

નકલ રવાના:

- મહામહીમ રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ સોલા, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો,
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.
- સર્વે ખાતાના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલ કચેરી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ

---

➢ પત્ર દ્વારા